" સાફલ્યગાથા "

તા.૦૯/૦૧/૨૦૧૭ થી તા.૧૫/૦૧/૨૦૧૭

**મુદ્દા નંબર (૧) જો જિલ્લા કક્ષાએ કોઇ ખોવાયેલ બાળકો માટે ઝુંબેશ હાથ ધરવામાં આવેલ હોય, કે અન્ય સારી કામગીરી માટે ઝુંબેશ ચલાવવામાં આવી હોય.**

- ❖ ગુમ થયેલ બાળકોના ફોટાઓ પ્રસિધ્ધ કરવા, મુળ સરનામે મીસીંગ સેલની ટીમો મોકલી વધુમાં વધુ ગુમ થયેલ વ્યકિત/બાળકો શોધી કાઢવા પ્રયત્નો ચાલુ છે.
- ❖ ગુમ થયેલ વ્યકિત/બાળકો ના ફોટાઓ જિલ્લાની " સેતુ " એપ્લીકેશન ઉપર અપલોડ કરી બહોળી પ્રસિધ્ધિ કરવામાં આવે છે.
- ❖ ગુમ થયેલ બાળકોને શોધવા વેબસાઇટ http://trackthemissingchild.gov.in/missing/ index.php ઉપર ગુમ થયેલા અને પરત મળેલ બાળકોની ઓનલાઇન એન્ટ્રી કરવામાં આવે છે.
- ❖ બારડોલી પો.સ્ટે ગુમ જા.જો.નં.૮/૨૦૧૬ ના કામે ગુમ થનાર – હર્ષભાઇ અમીતભાઇ પંચાલ ઉવ. ઉ.વ.૨૩ રહે,બારડોલી ગામ તા.બારડોલી જી.સુરતનાનો તા.૧૧/૦૧/૨૦૧૭ના રોજ પરત મળેલ છે.
- ❖ બારડોલી પો.સ્ટે ગુમ જા.જો.નં.૧/૨૦૧૭ ના કામે ગુમ થનાર – દિપીકાકુમારી કિશોરભાઇ દેવડા ઉ.વ.૧૯ રહે.સરભોણ ગામ તા.બારડોલી જી.સુરતનાની તા.૧૧/૦૧/૨૦૧૭ના રોજ પરત મળેલ છે.
- ❖ કડોદરા પો.સ્ટે I 7/2017 IPC 363, ના કામે અપહરણ થનાર – નીમેષ ઉર્ફે સાહિલ ઉર્ફે લલ્લા S/O. ભગવાનદાસ સોની ઉવ.૫ રહે.કડોદરા દુર્ગા સોસાયટી તા.પલસાણા નાનો તા.૧૩/૦૧/૨૦૧૭ ના રોજ પરત મળેલ છે.

## ❖ જિલ્લામાં બનેલ વિવિધ ગુનાઓમાં પકડી પાડેલ આરોપીની માહિતી

- ❖ માંડવી I ગુના.ર.નં.૦૬/૨૦૧૭ કલમ- ૨૭૯,૩૦૪(અ) એમ વી એકટ ૧૭૭,૧૮૪ મુજબ ના ગુનાના કામે આરોપી દિપકભાઇ જંતીભાઇ રહે પાતાલ તા.માંડવી જી.સુરત નાને તારીખ:- ૧૪/૦૧/૨૦૧૭ ક: ૧૩/૦૦ વાગે અટક કરેલ છે.
- ❖ કડોદરા પો.સ્ટે. કડોદરા GIDC પો.સ્ટે.I ગુ.ર.નં. ૧૨૫/૨૦૧૬ IPC કલમ ૩૦૨ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ ના ગુનાના કામે આરોપી -સુજીત S/O નોબાકુમાર કાલીપદ જાતે,-ઘોષ ઉવ.૩૨ હાલ-રહે- કિમ ચાર રસ્તા, સર્વોદય રેસીડન્સી, ઘર નંબર-ડી-૨૦૮, તા.માંગરોલ, જી.સુરત. મુળ રહે- નોનગર, થાના-કોતુલપુર, જીલ્લો- બાકુડા.(પ.બંગાળ નાને તા.૧૪/૦૧/૨૦૧૭ કલાક-૧૮/૩૦ વાગે અટક કરેલ છે.
- ❖ કીમ પો.સ્ટે. I ૨/૨૦૧૭ ઇ.પી.કો.કલમ ૩૭૯ મુજબના ગુનાના કામે આરોપી - [૧] રમેશભાઇ ઉર્ફે રામુ લવમહારાજ મિશ્રા રહે.હાલ મઢી, સુરાલી માર્કેટયાર્ડ ની પાછળ તા.બારડોલી, જી.સુરત મુળ રહે.લાલગોપાલગંજ તા.થાના.કુંડા જી.પ્રતાપગઢ (યુપી)(૨) મંગલાપ્રસાદ હરગોવિંદ પ્રજાપતિ ઉવ.૨૬ રહે હાલ મઢી સુરાલી રેલ્વે ફાટકની બાજુમાં તા.બારડોલી જી.સુરત મુળ રહે. મોગરાબાદશાહપુર થાનામોગરાબાદશાહપુર જી.જોનપુર (યુપી) (૩) સલમાન ઐયુબ ખાન ઉવ.૧૯ રહે. હાલ મઢી સુરાલી માર્કેડ યાર્ડ તા.બારડોલી જી.સુરત (૪) પ્રશાંત રામુભાઇ પવાર ઉવ.૧૯ રહે મઢી સુરાલી માર્કેટ યાર્ડ તા.બારડોલી જી.સુરત (૫) લાલસીગં મોતીલાલ દોહરી ઉવ.૧૯ રહે બાલદાગામ બગલી ફળિયુ તા.બારડોલી જી.સુરત (૬) કરણભાઇ ઉર્ફે લાલુ મનુભાઇ ચૌધરી ઉવ.૨૬ રહે મઢી જયહીંદ મીલની સામે સાંઇ મંદીર ફળિયુ તા.બારડોલી જી.સુરત (૭) રાજેન્દ્રસીગં નરસીગં પુરોહીત ઉવ.૩૧ રહે ૩૦૨ ગજાનંદ એપા.ત્રીજા માળે ચીખલી ,હાઇવેની બાજુમાં બ્રિજ પાસે તા.ચીખલી જી.નવસારી મુળ રહે વણદાર તા.થાના ખિવાડા જી.પાલી (રાજસ્થાન) નાઓને તા.૦૯/૦૧/૨૦૧૭ નાકલાક ૨૨/૧૫ વાગે અટક કરેલ છે.
- ❖ માંડવી પો.સ્ટે. I ગુ.ર.નં.૦૨/૨૦૧૭ IPC કલમ- ૨૭૯,૩૩૭ તથા MVAct. ૧૭૭,૧૮૪ મુજબ ના ગુનાના કામે આરોપી - રાજેન્દ્રભાઇ રવજીભાઇ ચૌધરી રહે.આંબાપારડી આશ્રમ ફળીયુ તા.માંડવી જી.સુરત નાને ૦૯/૦૧/૨૦૧૭ ના કલાક ૧૬/૦૦ વાગે અટક કરેલ છે.

- ❖ કામરેજ પો.સ્ટે. I ગુ.ર.નં. ૧૩૭/૨૦૧૬ IPC કલમ ૩૨૪,૩૨૫ મુજબ ના ગુનાના કામે આરોપી પરેશભાઇ શંકરભાઇ રાઠોડ રહે. મોરથાણા ગામા તા. કામરેજા જિ- સુરત નાને ૧૧/૦૧/૨૦૧૭ કલાક. ૦૮/૦૦ વાગે અટક કરેલ છે.
- ❖ કડોદરા GIDC પો.સ્ટે.I ગુ.ર.નં. ૧૨૫/૨૦૧૬ IPC કલમ ૩૦૨ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫ મુજબ ના ગુનાના કામે આરોપી - સુજીત S/O નોબાકુમાર કાલીપદ જાતે,-ઘોષ ઉવ.૩૨ હાલ-રહે- કિમ ચાર રસ્તા, સર્વોદય રેસીડન્સી, ઘર નંબર-ડી-૨૦૮, તા.માંગરોલ, જી.સુરત. મુળ રહે- નોનગર, થાના-કોતુલપુર, જીલ્લો- બાકુડા.(પ.બંગાળ નાને તા.૧૪/૦૧/૨૦૧૭ કલાક-૧૮/૩૦ વાગે અટક કરેલ છે.

# બાંધકામ સાઈટ પરથી સ્ટીલ ચોરી કરતી ટોળકી ઝડપાઈ

## 5 દિન પૂર્વે મૂળદથી થયેલી ચોરીનો ભેદ ઉકેલાયો

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

સુરત જિલ્લા એલસીબી પોલીસ સ્ટાફના માણસોએ જિલ્લાની બાંધકામની સાઈટ ઉપરથી લોખંડ ચોરી કરતી ટોળકીને સરભોણ ચોકડી નજીકથી 7 આરોપીને ઝડપી પાડી પોલીસે તેમની પાસેથી થોડા દિવસ અગાઉ ઓલપાડના મુળદ નજીકથી થયેલી લોખંડ ચોરીનો મુદ્દામાલ એક ટેમ્પા સાથે કબજે લીધો હતો. આ ઉપરાંત પોલીસે ચોરીવાળા સ્થળની રેકી માટે વપરાતી સ્વીફ્ટકારને પણ કબજે લઈ તેમની પાસેથી 1.73 લાખનું લોખંડ અને ટેમ્પો સહિત અન્ય ચીજ વસ્તુ મળી કુલે 14 લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો.

સુરત જિલ્લા એલસીબી સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતાં તે દરમિયાન ખાનગી રાહે બાતમી મળી હતી કે આજથી પાંચેક દિવસ પહેલા કીમ નજીક મુળદ ગામે મકાન બાંધકામની સાઈટ ઉપર લોખંડના સળિયાની ચોરી મઢી ગામનો રમેશ મિશ્રા અને તેના માણસો સાથે કરી હતી. જે મુદ્દામાલ ટાટા ટેમ્પો નં (GJ-19U-4984) માં ભરીનેસગેવગે કરવાના છે. અને આ ચોરીનો મુદ્દામાલ ચીખલીના એક વ્યક્તિને આપવાના છે. જે ચોક્કસ બાતમીને આધારે સરભોણ ગામે ચોકડી નજીક આવતાં ચોકડી ઉપર સ્વીફ્ટકાર તેમજ એક ટેમ્પો સાથે કેટલાક ઈસમો ચહલ પહલ કરતાં જણાતા એલસીબી સ્ટાફના માણસોએ સ્વીફ્ટ કાર નં (GJ-19ACF-588) ટેમ્પો નં (GJ-19U4984)ને આંતરીને ઝડપી લીધો હતો. ટેમ્પાની પાછળના ભાગે તપાસ કરતાં લોખંડના સળિયા ભરેલા હતાં. અને



### પકડાયેલા સાત આરોપી

રમેશ લવમહારાજ મિશ્રા (26) (રહે. હાલ. મઢી સુરાલી, મૂળ. લાલ ગોપાલ ગંજ,યુપી) મંગલ પ્રસાદ હરગોવિંદ પ્રજાપતિ (26) (હાલ રહે મઢી સુરાલી, મૂળ રહે. જોનપુર યુપી) સલમાન ઐયુબખાન (19) (હાલ રહે. મઢી સુરાલી મૂળ રહે. પીપલપુર બિહાર) પ્રશાંત રામુભાઈ પવાર (19) (રહે. મઢી સુરાલી માર્કેટ યાર્ડ) લાલસિંગ મોતીલાલ ડોહરી (19) (રહે. બાલદા ગામ, લવલી ફળિયું) કરણભાઈ મનુભાઈ ચૌધરી (રહે. મઢી ) રાજેન્દ્રસિંગ નરસિંગ પુરોહિત (31)(રહે. બલવાડા, તા. ચીખલી, જિ. નવસારી)

જેની પૂછતાછ કરતા આ લોખંડના સળિયા પાંચેક દિવસ અગાઉ કીમનજીક મૂળદ નજીક બાંધકામવાળા સ્થળ નજીકથી ચોરી કર્યા હતાં. આ ચોરીનો મુખ્યસૂત્રધાર રમેશભાઈ લવમહારાજ મિશ્રા (26) (રહે. હાલ. મઢી સુરાલી માર્કેટ યાર્ડની પાછળ, તા. બારડોલી. મૂળ. લાલ ગોપાલ ગંજ, તા. ઠાના કુંડા, જિ. પ્રતાપગઢ યુપી)નાઓને ઝડપી પાડ્યા હતાં. રમેશ અગાઉ આજ એમોથી આઠ જેટલા ચોરીના ગુનામાં પોલીસને હાથ ઝડપાઈ ચડ્યો છે

# કુડસદ કંપનીમાંથી સામાન ચોરી કરતાં ત્રણ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | કીમ

ઓલપાડ તાલુકાના કુડસદ ગામ હદ વિસ્તારમાં આવેલ કંપનીમાંથી સેલોટેપના કાર્ટુનની ચોરી કરતાં ઈસમો વિરુદ્ધ ફરિયાદ પોલીસ દ્વારા નોધવામાં આવી હતી. આ અંગે મળતી માહિતી અનુસાર કીમ નજીક આવેલ કુડસદ ગામે આવેલ શિવમ માર્કેટિંગમાં બે નંગ કાર્ટુન ભરેલ સેલોટેપની ચોરી થઈ હતી. લાલભાઈ બાબભાઈ રાઠોડ (25) (રહે. પાલોદ, ખાડંસરી, તા. માંગરોળ) જાવીદ મહેમુદ મકરાણી (રહે. ફેમી હોસ્પિટલ પાછળ, કુડસદ-કીમ) અને કોમલ ધર્મેન્દ્ર વકીલભાઈ સીંગ (રહે. નવાપરા, તા. માંગરોળ,) ત્રણેય એક બીજાની મદદથી ઉપરોક્ત કંપનીમાં બે કાર્ટુન સેલાટેપ જેની કિંમત 3000 તથા માલમતાતની ચોરી જતાં કંપની માલિકે આ અંગે કીમ પોલીસ મથકમાં ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી.

# તરસાડીમાં શાળા પાસે આટાંફેરા કરતાં 8 રોમિયોને ઝડપી પડાયા

## વિદ્યાર્થિનીઓને જોઇ બીભત્સ ચેનચાળા કરતા હતા

ભાસ્કર ન્યૂઝ | કોસંબા

માંગરોળ તાલુકાના તરસાડી નગરની મધ્યમાં આવેલ વી. એસ. પટેલ હાઈસ્કૂલ પાસેના માર્ગ પર શાળાએ જતી વિદ્યાર્થીનીને જોઈ બીભત્સ ચેનચાળા કરતાં યુવકોને ઝબ્બે કરવા ઉઠેલી માંગને પગલે કોસંબા પોલીસે આજરોજ સવારે કાર્યવાહી કરતાં 8 જેટલા યુવકોને ઝડપી પાડી તેની સામે કાર્યવાહી કરતા અસામાજિક તત્ત્વોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો.

કોસંબા તરસાડીના મધ્યે આવેલ વી. એસ. પટેલ હાઈસ્કૂલનું શૈક્ષણિક સંકુલ આવેલ છે. આ સંકુલમાં ધોરણ 12 સુધી ના વર્ગો ચાલતા હોય. આ શાળામાં આવતી વિદ્યાર્થિનીઓને શાળા પાસે અ સામાજિક તત્ત્વો છેડતી કરી બીભત્સ ચેનચાળા કરતી હોવાની ફરિયાદ વારંવાર ઉઠી હતી. જે સંદર્ભે ઘણીવાર જિલ્લા પોલીસવડાના લોકદરબારમાં પણ નગરજનો દ્વારા રજૂઆત કરવામાં આવે છે. તાજેતરમાં આવી પ્રવૃત્તીઓ ફરીથી વધતાં વિદ્યાર્થીની છેડતી કરતા અસામાજિક તત્વો સામે કાર્યવાહી કરવાની માંગ ઉઠી હતી. જે સંદર્ભે આજરોજ સવારે ટાઉન જમાદાર એએસઆઈ જેઠાભાઈ શંકરભાઈ, પોકો. અશોકભાઈ ગણપતભાઈ તથા પોલીસ સ્ટાફ તેમજ પંચોની હાજરીમાં વી. એસ. પટેલ હાઈસ્કૂલમાં પેટ્રોલિંગમાં હતાં ત્યારે 8 જેટલા યુવાકો શાળાએ જતી આવતી છોકરીને બીભત્સ ચેનચાળા કરતાં તેને રંગે હાથે ઝડપી પાડ્યા હતાં.

### આ રોમિયોને ઝડપી પડાયા

પકડાયેલા આરોપી કિરણભાઈ જગદીશભાઈ રાઠોડ જગદીશ કાળીદાશી રાઠોડ રોહિતભાઈ મહેશભાઈ રાઠોડ રાકેશભાઈ રાજુભાઈ રાઠોડ પ્રકાશભાઈ મહેશભાઈ રાઠોડ (તમામ રહે. તરસાડી, ભાઈલાલભાઈની વાડી) રાકેશભાઈ રામબલી યાદવ (જલારામ સોસાયટી તરસાડી) અમનભાઈ ગણપતભાઈ વસાવા (જૂના કોસંબા) અનિલકુમાર ભીમસિંગભાઈ પરમાર (આમોદ પાટીયા, જિ. ભરૂચ)

**ભાસ્કર વિશેષ** આઈજીના લોકદરબારમાં રજૂઆત બાદ બારડોલીની ટ્રાફિક પોલીસ સતર્ક બની

# બારડોલીમાં ટ્રાફિકને અડચણરૂપ 45 રિક્ષા ડિટેઇન

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

બારડોલી પોલીસ મથકે શનિવારે રેંજ આઈજીનો લોકદરબારમાં ટ્રાફિકનો પ્રશ્ન બાબતે ગંભીર ચર્ચા થઈ હતી. જે ધ્યાનમાં રાખી પોલીસ સોમવારે સક્રીય બની હતી. સવારથી બપોર સુધીમાં ટ્રાફિક પોલીસે નગરમાં વગર લાયસન્સન અને કાગળ વગરે ફરતી રિક્ષાને ટારગેટ કરી હતી. 45 જેટલી રિક્ષાઓ ડિટેન કરવામાં આવતાં પોલીસના પટાંગણ રિક્ષાઓથી ભરાયું હતું. શનિવારે સાંજે રેંજ આઈજી શમસેરિસંગનો બારડોલી પોલીસ મથકમાં લોકદરબાર યોજાયો હતો. જેમાં મહત્વનો પ્રશ્ન નગરની ટ્રાફિક સમસ્યા બાબતે નગરજનોએ સૂરોમાં



બારડોલીમાંથી ડિટેઈન કરાયેલી ટ્રાફિકમાં નડતરરૂપ રિક્ષા

સૂર પૂરાવ્યો હતો. જેથી ટ્રાફિકની સમસ્યા નગરમાં કેટલીક ગંભીર છે. જે બાબત બહાર આવી હતી. ઈન્સ્પેક્ટર વી. એ. દેસાઈએ સોમવારે સવારથી નગરમાં ટ્રાફિકને હળવુ કરવા માટે પ્રથમ કામગીરી શરૂ કરી છે. ટ્રાફિક પોલીસ સવારતી નગરમાં વગર લાયસન્સ, રજિસ્ટ્રેશન બુક કે અન્ય દસ્તાવેજી કાગળો વગર ફરતી રિક્ષાઓને પ્રતમ ટારગેટ કર્યો હતો. જેમાં બપોરે 2 વાગ્યા સુધીમાં 30થી વધુ રિક્ષાઓ કરવામાં આવતાં રિક્ષા ચાલકોમાં ફફડાટ ફેલાઈ ગયો હતો. નગરમાં બપોર પછી પણ અભિયાન ચાલુ રાખ્યું હતું. પોલીસ મથકનું મેદાન રિક્ષાઓથી ભરાઈ ગયું હતુ. નગરમાં ટ્રાફિક સમસ્યા બાબેત પોલીસ તંત્ર સક્રીય બન્યું છે. ત્યારે પાલિકાને પણ લેખિત જાણ કરી નગરના રસ્તાઓના દબાણ ફુલ્લા કરવા તેમજ પાર્કિંગ ખુલ્લા કરી અંદર પાર્કિંગ કરાવવાની ફરજ પાડવા જાણ કરવાની જરૂર હોવાનું અગ્રણીઓ માની રહ્યાં છે. જો મુખ્ય માર્ગ પર પાર્કિંગો ખુલ્લા થતાં ઘણી ટ્રાફિક સમસ્યા હલ થઈ શકે. પાલિકા અને પોલીસ તંત્ર કેટલું સંકલન રાખે તે જોવું રહ્યું

# કીમમાં થયેલી મારામારીનો આરોપી શાહરૂખ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | બારડોલી



સુરત જિલ્લા એલસીબી પોલીસે કીમ ચાર રસ્તા ખાતે એકાદ વર્ષ અગાઉ થયેલી મારામારી પ્રકરણમાં વોન્ટેડ આરોપીને ઝડપી પાડી કોસંબા પોલીસ સ્ટેશનના હવાલે કર્યો હતો. આ અંગે મળતી માહિતી અનુસાર સુરત જિલ્લા એલસીબી પોલીસ સ્ટાફના માણસો પેટ્રોલિંગમાં હતાં ત્યારે બાતમી મળી હતી કે એકાદ વર્ષ અગાઉ પાલોડ ગામની સીમમાં કીમ ચાર રસ્તા રિક્ષા સ્ટેન્ડ ઉપર મારામારીનો બનાવ બન્યો હતો. જેમાં ગુનામાં નાસતો ફરતો આરોપી શાહરૂખ કીમ ચાર રસ્તા ખાતે આવવાનો છે. જે બાતમી આધારે પોલીસે વોચ ગોઠવી શાહરૂખ વાહીદ પઠાણ (19) (રહે. કઠોર, મેઈન બજાર, આકોજી ફળિયું)નાઓને ઝડપી પાડી તેમને કોસંબા પોલીસ સ્ટેશનને હવાલે કર્યો હતો. પોલીસે તેની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરી તજવીજ હાથ ધરી હતી.

# ઘોરણપારડી ગૌમાસ પ્રકરણમાં એક આરોપી ઝડપાયો

## ચાર માસ અગાઉ કારમાં બિનવારસી 600 કિલો ગૌમાસનો જથ્થો મળ્યો હતો

ભાસ્કર ન્યૂઝ | કામરેજ



ઘોરણપારડી ગામે ચાર માસ અગાઉ બે ફોર વ્હીલ કારમાંથી 600 કિલો ગૌમાંસ મળ્યું હતુ. ગૌમાંસ ભરાવનાર ઈસમની સુરત જિલ્લા એલસીબીએ કામરેજ ચાર રસ્તા પાસેથી પકડી પાડ્યો હતો.

ગત 7મી ઓગષ્ટ માસમાં સુરત જિલ્લાના કામરેજ પોલીસ મથકમાં ફરજ બજાવતા પો.કો ભગવાનભાઈ તથા પીસીઆર વાનના ચાલક કુણાલભાઈ નોકરી પર હતા તે દરમિયાન વ્હેલી સવારે બાતમીના આધારે ઘોરણપારડી ગામની સીમમાં કરજણથી ઘલા પાટીયા જતા રોડ પર બે લક્ઝીયસ કાર બિનવારસી હાલતમાં માંસના જથ્થા ભરેલી હાલતમાં પરેલી હતી જે કારમાં તપાસ કરતા ફોર વ્હીલ આઈ એવેન્ટી કાર નંબર (ડીડી- 03 એફ 1184) અને હુન્ડાઈ વરના કાર નંબર (જીજે 5 સીએચ 6177)ની અંદર દરવાજા ખોલી તપાસ કરતા પાછળની સીટ ઉપર તથા ડીકીમાં કંતાનના 10 કોથળમાં અંદાજે 600 કિલો ગૌમાંસ માંસનો મોટો જથ્થો તથા કુહાડી અને ચપ્પુ મળી આવ્યા હતાં. જે આધારે કારના માલિકો વિરૂદ્ધ ગુનો નોંધ્યો હતો. જે ગુનામાં માંસનો જથ્થો ભરાવી આપનાર મુખ્ય સુત્રધાર આદમ ઈસ્માઈલભાઈ રદેરા(49) (રહે-કોસાડી તા-માંગરોલ) જે કામરેજ ચાર રસ્તા આવવાનો હોય જે બાતમી સુરત જિલ્લા એલસીબીમાં ફરજ બજાવતા જમાદાર પ્રકાશભાઈ વિશ્વાસભાઈ મળતા અન્ય સ્ટાફ સાથે વોચમાં હતા તે દરમ્યાન કામરેજ ચાર રસ્તા પાસે આવતા ઘરપરડ કરીને વધુ તપાસ માટે કામરેજ પોલીસને સોંપવામાં આવ્યો હતો.

# પથરાડીયાથી રૂ. 1.75 લાખનો વિદેશી દારૂ બિનવારસી મળ્યો

ભાસ્કર ન્યૂઝ | બારડોલી

બારડોલી તાલુકાના પથરાડિયા ગામની સીમમાં સરભોણ પથરાડિયા રોડ પર એક વિદેશી દારૂભરેલી કાર પૂલિયા સાથે અથડાવી દેતા અકસ્માત થયો હતો. પોલીસને જાણ થતાં જ સ્થળ પર પહોંચી તપાસ કરતાં નજીકમાંથી બિનવારસી હાલમતાં 1.75 લાખનો વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જે પોલીસે કબજે લીધો હતો.

બારડોલીના પથરાડીયા ગામની સીમમાં સરભોણ પથરાડીયા રોડ પર પુલ સાથે કારને અકસ્માત થયો હતો. જેથી પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી. પરંતુ સ્થળ પર કોઈ વાહન મળ્યું ન હતું. જોકે, સ્થળ પર વિદેશી દારૂની બાટલીઓ તૂટેલી હાલતમાં મળી આવી હતી. જેથી પોલીસે આજુબાજુમાં તપાસ કરતાં પુલથી થોડે દૂર વગર પાસ પરમીટનો ઈંગ્લિશ દારૂનો જથ્થો છુપાયેલી હાલતમાં બિનવારસી મળી આવ્યો હતો. પોલીસે ગણતરી કરતાં વ્હીસ્કી બિયરની કુલ 2226 નંગ બોટલ મળી હતી. જેની કિંમત 1,75,600 જેટલી થાય છે. પોલીસે આ દારૂનો જથ્થો કબેજ લઈ અજાણ્યા ઈસમ વિરૂદ્ધ બારડોલી પોલીસ મથકના પોકો ગુલાબભાઈએ ફરિયાદ આપતાં પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. બુટલેગર કારમાં પૂર ઝડપે પથરાડીય રોડ પરથી પસાર થતી વેળાએ આચનક પુલ સાથે અથડાવી દેતા અકસ્માત થયો હતો. રાત્રિના સમય હોવાથી પકડાય જાવના ડરથી બુટલેગર ઝડપપથી દારૂનો જથ્થો ખાલી કરી કાર લઈને ભાગી ગયા હતાં. હાવનું માનવામાં આવી રહ્યું છે.

# 09 To 15 jan 2017 weekly call

| | |
|---|---|
| Miss calls | 20 |
| Drop calls | 30 |
| Follow up Calls | 51 |
| Receive calls | 97 |
| Total | 198 |

## Receive calls

| | |
|---|---|
| Student | 55 |
| Male | 161 |
| Female | 38 |

**મુદા નંબર (૩) ટ્રાફીક અંગેના કાર્યક્રમો હાથ ધરવામાં આવેલ હોય.**

- ❖ ટ્રાફીક જનજાગૃતિ અંગે નેશનલ હાઇવે તેમજ અન્ય રસ્તાઓ ઉપર જુદા જુદા પ્રકારના સાઇન બોર્ડ લગાડવામાં આવેલ છે.
- ❖ ટ્રાફીકના એજયુકેશન બોર્ડની પબ્લીક ના સહયોગ દ્રારા ખુબજ ટુંકા ગાળામાં શરૂઆત કરવામાં આવનાર છે.

**મુદા નંબર (૪) ગુનાઓ અટકાવવા કોઇ વિશિષ્ટ કામગીરી/સ્ટ્રેટેજી અપનાવવામાં આવેલ છે.**

- ❖ નેશનલ હાઇવે નંબર ૮ ઉપર નાઇટ રાઉન્ડ દરમ્યાન સેકટરવાઇઝ ક્રોસ પેટ્રોલીંગ રાખેલ રાખવામાં આવે છે. હોટલો, ઢાબા, તેમજ વાહનોનું ચેકીંગ સઘન બનાવવામાં આવેલ છે.
- ❖ વારંવાર કોમ્બીંગ નાઇટ રાખી શક પડતા ઇસમો, એમ.સી.આર.ઇસમો, અવાવરુ જગ્યા, રેલવે સ્ટેશન, હોટલ ધાબા, વાહન ચેકીંગ તેમજ નાકાબંધી રાખવામાં આવે છે.
- ❖ એસ.ઓ.જી.અને BDDS ની ટીમ અને આધુનિક ઉપકરણો દ્રારા જાહેર સ્થળો, વાયટલ ઇન્સ્ટોલેશન, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેન્ડ, જાહેર પાર્કિંગ સ્થળો, ભીડ વાળી જગ્યાઓ, મંદીર, વિગેરે સ્થળો ઉપર અવારનવાર સઘન ચેકીંગ કરવામાં આવે છે.